# ગુજરાત જાહેર સેવા આયોગ

**ખાસ જાહેરાત ક્રમાંક : ( ૧૨૨/૧૬-૧૭ )** સચિવાલય સ્ટેનોગ્રાફર સંવર્ગમાં રહસ્ય સચિવ,(અંગ્રેજી સ્ટેનોગ્રાફર, ગ્રેડ-૧),વર્ગ-૨ની અનુ.જન.જાતિની કુલ – ૦૨ જગ્યાઓ ખાસ ભરતીથી ભરવા માટે ફક્ત અનુ.જન.જાતિના ઉમેદવારો પાસેથી ઓન લાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.અન્ય ઉમેદવારોએ અરજી કરવી નહીં. આ માટે ઉમેદવારે https://gpsc-ojas.gujarat.gov.in પર **તા.૧૫/૦૩/૨૦૧૭ (૧૩.૦૦ કલાક) થી તા.૩૧/૦૩/૨૦૧૭ (૧૩.૦૦ કલાક)** દરમ્યાન લોગ ઈન કરવાનું રહેશે. પસંદગીની પ્રક્રિયા માટે સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવશે.

આ જગ્યાની સ્પર્ધાત્મક પરીક્ષા સંભવત: તા.૧૬-૦૭-૨૦૧૭

સ્પર્ધાત્મક પરીક્ષાનું પરિણામ સંભવત: ઓગસ્ટ-૨૦૧૭

રૂબરૂ મુલાકાત સંભવત: ઓક્ટોબર ૨૦૧૭

નોંધ:- (i) **શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોમાં OL(One Leg), BL(Both Legs) તથા** ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકાથી ઓછી **મગજના લકવાની CP(Cerebral palsy) ખામીવાળા ઉમેદવારો** જ અરજી કરવા પાત્ર છે. શારીરિક રીતે અશક્ત ઉમેદવારોને સામાન્ય વહીવટ વિભાગના તા. ૧-૧૨-૨૦૦૮ના પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ.૨ થી નિયત થયેલ સુપ્રિન્ટેડન્ટ/ સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધિન રહીને ઉપલી વય મર્યાદામાં ૧૦ વર્ષની છૂટછાટ મળશે. **(મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં)** (ii) શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ Online ફોર્મમાં Personal Detailsમાં પોતાની અશક્તતાની ટકાવારી / વિગત દર્શાવવાની રહેશે. (iii) શારીરિક રીતે અશક્ત ઉમેદવારો માટેની અનામત જગ્યાઓ ઉપર જે ઉમેદવાર પસંદગી પામશે તેઓ, પોતે જે કેટેગરીના ઉમેદવાર હશે તે કેટેગરીના તથા શારીરિક અશક્ત ઉમેદવાર તરીકે ગણવામાં આવશે.

**(૧) લાયકાત :** ૧( i ) ભારતમાં કેન્દ્ર કે રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થાપાયેલી અથવા સંસ્થાપિત યુનિ. પૈકી કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુ.જી.સી. અધિનિયમ -૧૯૫૬ ની કલમ-૩ હેઠળ યુનિ. હોવાનું જાહેર કરેલ સંસ્થામાંથી પદવી (Degree) અથવા સરકારે માન્ય કરેલ સમકક્ષ લાયકાત ૧.( ii ) ઉમેદવારે રહસ્ય સચિવ, ( ગુજરાતી અને અંગ્રેજી સ્ટેનો,ગ્રેડ-૧) વર્ગ-૨ (સચિવાલય અને ખાતાના વડાની કચેરીઓ ) ભરતી (પરીક્ષા) નિયમો,૨૦૧૦ મુજબ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાનાર અંગ્રેજી લઘુલિપીની @ 120 w.p.m.ની પરીક્ષા પાસ કરવાની રહેશે. ૧.(iii). સરકારે વખતો વખત નક્કી કર્યા મુજબ કોમ્પ્યુટરના ઉપયોગનું પાયાનું જ્ઞાન નિમણુંકના સમયે ધરાવતા હોવા જોઇએ. ૧.(iv) ગુજરાતી અને અથવા હિંદીનું પુરતુ જ્ઞાન ધરાવતા હોવા જોઇએ. (૨) **વયમર્યાદા: તા. ૩૧/૦૩/૨૦૧૭ના** રોજ ઉમેદવારની ઉંમર ૨૧ વર્ષથી ઓછી ન હોવી જોઇએ અને ૪૦ વર્ષથી વધુ ન હોવી જોઇએ. ગુજરાત સરકારના કર્મચારીઓને ઉપલી વયમર્યાદામાં કોઇપણ પ્રકારની છૂટછાટમળવાપાત્ર નથી. (૩) **પગાર ધોરણ** : ૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ-પે રૂ. ૪૬૦૦ (છઠ્ઠા પગારપંચ મુજબ અને તેને અનુરૂપ સાતમાં પગારપંચનું પગાર ધોરણ) વત્તા સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર ભથ્થાઓ. (૪) **પરીક્ષામાં પ્રવેશ:** - Online મળેલ અરજીઓની ચકાસણી કર્યા વગર જ પ્રત્યેક ઉમેદવારને પરીક્ષામાં કામચલાઉ શરતી પ્રવેશ આપવામાં આવશે. એટલે ઉમેદવાર પરીક્ષામાં લાયકીધોરણ મેળવે છતાં જો તેઓ ભરતી નિયમો પ્રમાણે શૈક્ષણિક લાયકાત, વય, જાહેરાતની જોગવાઇઓ તથા અન્ય યોગ્યતાઓ નહિ ધરાવતા હોય તો તેમનો પ્રવેશ આપોઆપ રદ બાતલ ગણાશે. ઉમેદવારોએ પોતાના ખર્ચે પરીક્ષા સ્થળ પર પહોંચવાનું રહેશે. **(૫) અભ્યાસક્રમ :- પ્રશ્નપત્ર-૧ : અંગ્રેજી, સમય ૩ કલાક, કૂલ ગુણ ૧૦૦.** આ

પ્રશ્નપત્રનું ધોરણ હાયર સેકન્ડરી સ્કુલ પરીક્ષાના ધોરણ જેટલું રહેશે. આ પ્રશ્નપત્રમાં નીચેના પ્રશ્નોનો સમાવેશ થશે. (૧) ૧૦ થી ૧૫ લીટીનો ફકરો -૧૫ ગુણ, (૨) અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ભાષાંતર-૧૫ ગુણ,( શબ્દશ:,નહિ મુક્ત ભાષાંતર ) (૩) ગુજરાતીમાંથી અંગ્રેજીમાં ભાષાંતર-૧૫ ગુણ, (૪) સાર-લેખન -૧૦ ગુણ, (૫) પત્રલેખન – ૧૫ ગુણ, (૬) વ્યાકરણ – ૩૦ ગુણ, **પ્રશ્નપત્ર-૨ : ગુજરાતી, સમય ૩ કલાક, કૂલ ગુણ ૧૦૦.** આ પ્રશ્નપત્રનું ધોરણ હાયર સેકન્ડરી સ્કુલ પરીક્ષાના ધોરણ જેટલું રહેશે. આ પ્રશ્નપત્રમાં નીચેના પ્રશ્નોનો સમાવેશ થશે. (૧) નિબંધ -૪૦ ગુણ, (૨) સાર-લેખન -૨૦ ગુણ, (૩) પત્રલેખન – ૨૦ ગુણ, (૪) વ્યાકરણ – ૨૦ ગુણ, **પ્રશ્નપત્ર-૩ :લઘુલિપિ ટેસ્ટ, કૂલ ગુણ: ૧૦૦.** ઉમેદવારે પ્રતિ મિનિટે ૧૨૦ શબ્દોની ઝડપે ચાર મિનિટના એક એવા બે અંગ્રેજી ફકરાઓનું શોર્ટહેન્ડ ડીક્ટેશન લેવાનું રહેશે અને કોમ્પ્યુટર ઉપર ૫૦ મિનિટમાં તે જ ફકરાઓનું લિપ્યાંતર કરવાનું રહેશે. **પ્રશ્નપત્ર-૧ અને પ્રશ્નપત્ર-૨ નું** લાયકી ગુણનું ધોરણ નક્કી કરવાની આયોગને સત્તા રહેશે, અને જે ઉમેદવારો આ પ્રશ્નપત્રમાં આયોગે નક્કી કરેલ લાયકીધોરણ મુજબ ગુણ પ્રાપ્ત કરશે તેઓને લઘુલિપિના **પ્રશ્નપત્ર-૩** માટે બોલાવવામાં આવશે. (૬) **મૌખિક કસોટી : ૫૦** ગુણ. જે ઉમેદવારો લેખિત પરીક્ષામાં ( શોર્ટહેન્ડ ટેસ્ટ સાથે ) આયોગે નક્કી કરેલ ઓછામાં ઓછું લાયકી ધોરણ પ્રાપ્ત કરશે તેને મૌખિક કસોટી માટે બોલાવવામાં આવશે. મૌખિક કસોટી ૫૦ માર્ક્સની લઘુત્તમ લાયકીધોરણ વગરની રહેશે. મૌખિક કસોટી માટે બોલાવવા પાત્ર ઉમેદવારોની સંખ્યા જાહેરાતમાં દર્શાવેલ ખાલી જગ્યાઓની આશરે ત્રણ ગણી રહેશે. ઉમેદવારોએ લેખિત પરીક્ષામાં (શોર્ટહેન્ડ ટેસ્ટ સાથે) અને મૌખિક કસોટીમાં મેળવેલ કૂલ ગુણને આધારે અંતિમ પસંદગી યાદી બનશે. જે ઉમેદવાર મૌખિક કસોટી માટે પાત્ર હશે પરંતુ મૌખિક કસોટીમાં હાજર રહેશે નહિ તે પસંદગી માટે લાયક ઠરશે નહિ. **(૭) પરીક્ષા ફી**: અનામત વર્ગના ઉમેદવારો તથા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોને ફી માંથી મુકિત આપવામાં આવેલ છે.**(૮) નિમણૂક:-** (૧) ઉપરની જાહેરાત સંબંધમાં પસંદ થયેલા ઉમેદવારની નિમણૂક માટે સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતા પહેલાં કોમ્પ્યુટરના પાયાના જ્ઞાન અંગેની અથવા તો તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નકકી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહિ ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહિ. (૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહિ.

**નોંધ:-** અરજીફોર્મ મેળવવાની, ફીની, વયમર્યાદામાં છૂટછાટની વિગતો અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની કચેરીના નોટીસ બોર્ડ ઉપર અને આયોગની વેબસાઇટ www.gpsc.gujarat.gov.in ઉપર અથવા ગુજરાત રોજગાર સમાચાર તથા તેની વેબસાઇટ www.gujarat.informations.net ઉપર અચૂક જોવાની રહેશે. વેબસાઇટ ઉપરની વિગતો જોયા વિના ઉમેદવાર અરજી કરશે અને અરજીમાં કોઇ માહિતી/વિગતો આપવામાં આવશે નહિ કે અધૂરી આપવામાં આવશે કે જાહેરાતની સૂચનાઓ મુજબ આપવામાં આવશે નહિ તો, તેની જવાબદારી જે તે ઉમેદવારની રહેશે અને આ અંગે પાછળથી કોઇ ફરિયાદ કે રજૂઆત આયોગ દ્વારા ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

**(૯) Online તેમજ Downloaded અરજીઓ કરવાની તથા અરજી ફી ભરવાની રીત:-**

**આ જાહેરાતના સંદર્ભમાં આયોગ દ્વારા માત્ર ઓન લાઈન જ અરજી સ્વીકારવામાં આવશે.ફીજીકલ ફોર્મમાં અરજી સ્વીકારવામાં આવશે નહીં. ઉમેદવાર તા.૧૫/૦૩/૨૦૧૭ (૧૩.૦૦ કલાક) થી તા.૩૧/૦૩/૨૦૧૭ (૧૩.૦૦ કલાક) સુધીમાં** https://gpsc-ojas.gujarat.gov.in પર અરજી પત્રક ભરી શકશે. **ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના Steps (૧) થી (૧૬) અનુસરવાના રહેશે. Confirmation Number મળ્યા પછી જ અરજી માન્ય ગણાશે.**

૯. (૧) સૌ પ્રથમ https://gpsc-ojas.gujarat.gov.in પર જવું.

૯. (૨) Apply On line Click કરવું. આ પ્રમાણે Click કરવાથી (1) More details તથા (2) Apply Now બટન દેખાશે. સૌ પ્રથમ More details પર Click કરીને જાહેરાતની બધી જ વિગતોનો અભ્યાસ ઉમેદવારોએ કરવો અને ત્યારબાદ Apply Now બટન Click કરવું.

૯. (૩) રહસ્ય સચિવ, **(અંગ્રેજી સ્ટેનોગ્રાફર, ગ્રેડ-૧),વર્ગ-૨** પર click કરવાથી જગ્યાની વિગતો મળશે.

૯. (૪) તેની નીચે Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌ પ્રથમ "Personal Details" ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદરડી (*)નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) "Personal Details"માં જ્યાં Mobile Number અને email ID માંગ્યા છે, તેની વિગત લખવી જેથી જરૂર જણાયે આયોગ ઉમેદવારને માહિતગાર કરી શકે.

૯. (૫) Personal Details ભરાયા બાદ Educational Details ભરવા માટે Educational Details પર click કરવું અને પોતાની શૈક્ષણિક વિગતો ઉમેરવી.

૯. (૬) Additional Qualification પર "click" કરી Additional Qualification ભરવી.

૯. (૭) Experience Details પર "click" કરવું અને Experience Details ભરવી . વધુ Experience ઉમેરવા માગતા હોવ તો Add. More Exp. પર "click" કરી Details ભરવી.

૯. (૮) Additional Information પર "click" કરી ત્યાં માહિતી ભરવી જો વધારાનો અનુભવ ojas moduleમાં સમાવિષ્ટ ન થતો હોય, તો સાદા કાગળ પર ojas માં જણાવ્યા મુજબના અનુભવના કોઠા પ્રમાણે આપે વધારાના અનુભવની વિગત ઉમેરીને મોકલવી.

૯. (૯) તેની નીચે "Self declaration"માં Yes / No પર "click" કરવું.

૯. (૧૦) હવે save પર "click" કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં તે દર્શાવવાનો રહેશે.

૯. (૧૧) જો આપની અરજીપત્રકમાં કોઇ સુધારા–વધારા કરવાના હોય તો Edit Applicationમાં જઇને કરી શકાશે,આ સુવિધા અરજી Confirm કરતાં પહેલા ઉપલબ્ધ છે. **એક વખત અરજી Confirm થઇ ગયા પછી/બાદ આ સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં.**

૯. (૧૨) હવે પેજના ઉપરના ભાગમાં upload photo પર click કરો અહીં તમારો application number type કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ ok પર click કરો અહીં photo અને signature upload કરવાના છે. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (photo અને signature upload કરવા સૌ પ્રથમ તમારો photo અને signature .jpg Formatમાં(10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ.) "Browse" Button પર click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં .jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને "Open Button" ને click કરો હવે "Browse Button "ની બાજુમાં

"Upload Button"પર Click કરો હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આજ રીતે signature પણ upload કરવાની રહેશે.

૯. (૧૩) હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર click કરો અને "Application number" તથા Birth Date Type કર્યા બાદ Ok પર click કરવાથી બે (૨) બટન ૧: Application preview ૨: confirm application દેખાશે. ઉમેદવારે "Application preview" પર click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય, તો Edit Application ઉપર click કરીને સુધારો કરી લેવો. અરજી confirm કર્યા પહેલા કોઇપણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી confirm થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ સુધારો થઇ શકશે નહીં. જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ confirm application પર click કરવું. Confirm application પર click કરવાથી ઉમેદવારની અરજીનો આયોગમાં online સ્વીકાર થઈ જશે. અહીં "confirmation number" generate થશે જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. Confirmation number સિવાય કોઇપણ પત્રવ્યવહાર કરી શકાશે નહીં. Confirm થયેલી અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી.

૯. (૧૪) અનામત વર્ગના ઉમેદવારો તથા શારીરિક અશક્ત ઉમેદવારોએ Confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાના રહેશે અને જ્યારે આયોગ દ્વારા મંગાવવામાં આવે, ત્યારે જ અરજીપત્રક બીડાણો સહિત આર.પી.એ.ડી. /સ્પીડ પોસ્ટથી મોકલવાના અથવા આયોગની કચેરીમાં રૂબરૂમાં આપી જવાના રહેશે.

૯. (૧૫) આ જાહેરાત માટે ઉમેદવારે એક જ અરજી કરવી. આમ છતાં, સંજોગોવશાત, જો કોઈ ઉમેદવાર એકથી વધુ અરજી કરેલ હશે, તો છેલ્લી કન્ફર્મ થયેલ અરજી, તેની સાથે નિયત ફી ભરેલ હશે, તો તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ ગણવામાં આવશે. અગાઉની અરજી સાથે ભરેલી ફી છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સામે ગણવામાં આવશે નહીં. જો ઉમેદવારે છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહીં હોય, તો આવા ઉમેદવારની નિયત ફી સાથેની કન્ફર્મ થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે. જો ઉમેદવારે એકથી વધુ અરજી સાથે ફી ભરેલ હશે, તો તે રીફંડ કરવામાં આવશે નહીં.

**૧૦. અરજી ફી :**

(૧) અનામત કક્ષાના ઉમેદવારો અરજી ફી ભરવાની રહેશે નહીં.
(૨) અશક્ત (Disabled) વ્યક્તિઓ તથા માજી સૈનિકોએ અરજી ફી ભરવાની રહેતી નથી.
(૩) ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી.

**ઉમેદવારોને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઈ ઉમેદવાર, આ જગ્યાના ભરતી નિયમો તથા જાહેરાતની જોગવાઈ મુજબ લાયકાત ધરાવતા નથી તેમ માલૂમ પડશે તો તેમની ઉમેદવારી કોઈ પણ તબક્કે રદ કરવામાં આવશે.**

**૧૧. સામાન્ય શરતો :-**

૧૧. (૧) આ જાહેરાતમાં જે કક્ષાના અનામત વર્ગો માટે જગ્યાઓ અનામત રાખવામાં આવી છે તે કક્ષાના ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે. બધીજ મળવાપાત્ર છૂટછાટ ગણત્રીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધીજ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે.

૧૧. (૨) માજી સૈનિકો તથા ઇ.સી.ઓ./એસ.એસ.સી.ઓ સહિત જેમણે લશ્કરની સેવાઓમાં ઓછામાં ઓછી પાંચ વર્ષની ફરજ બજાવી હોય અને લશ્કરી સેવા માટે શારીરિક અશક્તતાના કારણે બરતરફ કે છૂટા કરવાના કારણસર મુદત પૂરી થયેથી ( જેમની મુદત છ મહિનામાં પુરી થવાની હોય તેઓ સહિત ) છૂટા થયેલ હોય તેઓને, વય મર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર થશે.

૧૧. (૩) મૂળ ગુજરાતના અનુસૂચિત જનજાતિ ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

૧૧. (૪) ઉમેદવારે અરજીપત્રકમાં કોઇપણ વિગત ખોટી બતાવેલ હશે તો તેનું અરજીપત્રક કોઇપણ તબક્કે રદ કરવામાં આવશે તથા તેણે લાયકીધોરણ ( Passing Standard ) મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી રદ ગણાશે.

૧૧. (૫) સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવામાં માટે તેમને મળેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ ભરતી તથા નિમણૂક સમયે પુનઃ લગ્ન કરેલ ના હોવા જોઇએ. ઉપરાંત આયોગની કચેરી માંગે ત્યારે તેના તમામ પુરાવાઓ અસલમાં આયોગની કચેરીમાં રજુ કરવાના રહેશે.

૧૧. (૬) એક વખત Online અરજી કર્યા બાદ, Online Form માં દર્શાવેલ કાસ્ટ/કેટેગરીમાં " Online Application " ની અરજીના અન્ય કોઇ કોલમમાં/વિગતોમાં, કોઇપણ જાતનો ફેરફાર પાછળથી કરવા દેવામાં આવશે નહિ. જો કોઇ ઉમેદવાર પાછળથી આ બાબતે રજુઆત કરશે તો, તેની રજુઆત સ્વીકારવામાં આવશે નહિ કે પ્રત્યુતર આયોગની કચેરી દ્વારા આપવામાં આવશે નહિ. ઉમેદવારોને આ સૂચના ધ્યાને લઇ તેનું અચૂકપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

૧૨. **ઓનલાઇન જાહેરાત માટે નીચેની જોગવાઇ લાગુ પડશે.**

**૧૨.(૧) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત નથી પરંતુ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.**

**જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ ,માજી સૈનિક, શારીરિક અશક્તતા ,મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.**

**નોંધ : રહસ્ય સચિવ, (અંગ્રેજી સ્ટેનોગ્રાફર, ગ્રેડ-૧),વર્ગ-૨ ની જગ્યાના ભરતી નિયમો, પરીક્ષાનો અભ્યાસક્રમ, ફી, અરજીપત્રક સાથે જોડવાના આવશ્યક પ્રમાણપત્રોની યાદી, વય મર્યાદામાં છૂટછાટ, અરજી કયા સંજોગોમાં રદ થવાને પાત્ર છે તેની વિગતો, પરિશિષ્ટ-'ક' નો નમૂનો, શારીરિક રીતે અશક્ત ઉમેદવારોએ રજુ કરવાના તબીબી પ્રમાણપત્રનો નમુનો, સરકારી કર્મચારીએ રજુ કરવાના ના વાંધા પ્રમાણપત્રનો નમૂનો અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની કચેરીના નોટિસબોર્ડ અને આયોગની વેબસાઇટ www.gpsc.gujarat.gov.in ઉપર જોઇ લેવાની રહેશે. આ જાહેરાત સંબંધમાં વધુ માહિતી આયોગની કચેરીમાં, કચેરી સમય દરમ્યાન જરૂર જણાય તો ૦૭૯-૨૫૫૦૭૭૩૭ ઉપરથી મળી શકશે. તા.૩૧/૦૩/૨૦૧૭**

**રહસ્ય સચિવ, (અંગ્રેજી સ્ટેનોગ્રાફર, ગ્રેડ-૧),વર્ગ-૨ (જાહેરાત ક્રમાંક: ૧૨૨ / ૧૬-૧૭) ની સામાન્ય જોગવાઈ**

૧. <u>નાગરિકત્વ:-</u>

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા

(ખ) નેપાળનો પ્રજાજન અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન અથવા

(ઘ) તિબેટ નો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી,૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ ,અથવા

(ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન,(બાંગ્લાદેશ) બર્મા (મ્યાનમાર),શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા, જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાંઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ. પરંતુ પેટા ક્રમાંક (ખ),(ગ),(ઘ),અને (ચ)માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

**નોંધ:-** **જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે. અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.**

૨. **જન્મ તારીખ:-**

(૧) આયોગ જન્મ તારીખ ના પુરાવા માટે એસ. એસ. સી બોર્ડ દ્વારા અપાયેલ એસ. એસ. સી. ઇ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ ........... છે. જે એસ. એસ. સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસહર્તા (credibility)ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨)ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

૩. વયમર્યાદા:-

(૧) ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) જાહેરાતમાં ઉપલી વયમર્યાદા આપવામાં આવેલ છે, તેમાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના અનુસુચિત જનજાતિ વર્ગના ઉમેદવારોને જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર છે.) | પાંચ વર્ષ |
| ૨ | મુળ ગુજરાતના અનુસુચિત જનજાતિ વર્ગના મહિલા ઉમેદવારો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર છે. | દસ વર્ષ (આ છૂટછાટમાં , મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | માજી સૈનિકો. ઇ.સી.ઓ. એસ. એસ. સી.ઓ. સહિત ઉમેદવારો | લશ્કરમાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ(વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | ગુજરાત સરકારના કર્મચારીઓ | ગુજરાત સરકારના કર્મચારીઓને ઉપલી વયમર્યાદામાં કોઈપણ પ્રકારની છૂટછાટમળવાપાત્ર નથી. |
| ૫ | શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો (જોગવાઇ-૭ માં આપેલ વિગતને આધિન) | દસ વર્ષ ( વધુમાં વધુ ૪૫ વર્ષ ) |

૪. **શૈક્ષણિક લાયકાત:-**

(૧) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાથી મેળવેલ હોવી જોઇએ.

(૨) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર)અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. શાળા/કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.

(૩) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવાર નો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહી.

(૪) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

૫. **અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ,સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ:-**

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રક અને પરિશિષ્ટમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રકની સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

૬. માજી સૈનિક

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રક તથા પરિશિષ્ટમાં વિગતો આપવાની રહેશે. (૨) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચૂક મોકલવાની રહેશે.

૭. શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો

(ક) શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રક તથા પરિશિષ્ટમાં વિગતો આપવાની રહેશે.

(ખ) શારીરિક અશક્તતા ૪૦% કે તેથી વધું હોય તેવા ઉમેદવારને જ શારીરિક અશક્તતાનો લાભ મળવાપાત્ર રહેશે. શારીરિક અશક્તતાનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે OL(**One Leg**), BL(**Both Legs**),અથવા મગજનો લકવો CP(**Cerebral palsy**) તે પૈકીની કઇ શારીરિક અશક્તતા છે તે દર્શાવવું.

(ગ) જાહેરાતમાં શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય ,પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે.આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

(ઘ) શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારે તેના સમર્થનમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨,થી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ/સિવિલ સર્જન/મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક મોકલવાની રહેશે. જો પ્રમાણપત્રની નકલ સામેલ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વિકારવામાં આવશે નહીં શારીરિક અશક્તતા ઉમેદવાર તરીકેનો લાભ મળવાપાત્ર થશે નહીં.

૮. વિધવા ઉમેદવાર

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કૉલમ સામે “હા” અવશ્ય લખવું અન્યથા “લાગુ પડતું નથી” એમ દર્શાવવું .

(૨) વિધવા ઉમેદવારે જો પુન: લગ્ન કરેલ હોય તો અરજી પત્રકમાં તે કૉલમ સામે “હા” અચૂક લખવું અન્યથા “લાગુ પડતું નથી” એમ દર્શાવવું .

(૩) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઇચ્છતા હોય તો અરજી સાથે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજુ કરવાની રહેશે.

(૪) વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

૯. ના વાંધા પ્રમાણપત્ર

(૧) ગુજરાત સરકારના સરકારી /અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચૂક કરવાની રહેશે.જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકારની અથવા અન્ય કોઇપણ રાજ્ય સરકારની નોકરીમાં હોય તેવા ઉમેદવારે ખાતા મારફત અરજી મોકલવાની રહેશે અથવા આ અરજી સાથે નિમણૂક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૧૦.ગેરલાયક ઉમેદવાર

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી /અર્ધ સરકારી /સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગત અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

૧૧.ફરજિયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ :-

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/ સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રુખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગત આપવાની રહેશે.

૧૨.રૂબરૂ મુલાકાત:-

(૧) રૂબરૂ મુલાકાત આયોગની કચેરી ખાતે જ લેવામાં આવશે. ઉમેદવારે પોતાના ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના ઉમેદવારો તથા બેરોજગાર ઉમેદવારો કે જેઓના માતા-પિતા ની વાર્ષિક આવક આવકવેરા ને પાત્ર ન હોય તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકિટના દર પ્રમાણે બસ ભાડું મળવાપાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનુ રહેશે અને તેની સાથે અસલ ટિકિટ રજુ કરવાની રહેશે.

(૩) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્ર રજુ કરશે નહીં તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

૧૩ . **નિમણૂક:-**

(૧) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારની સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતાં પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે.આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહીં.

(૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહીં.

(૩) ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત /અનુભવ/ઉંમર વગેરેના સમર્થનમાં રજુ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણૂક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહી ને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે,તેમણે રજુ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકસાઈથી પુર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ આયોગમાં રજુ કરવા.

૧૪ . ગેરવર્તણૂક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી,તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી,ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી,જો એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઇ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી.જો કોઇ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો ,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા,

(૨) નામ બદલીને પરીક્ષા આપવી,

(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પુર્ણ કરાવ્યુ હોય ,

(૪) બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય ,

(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુકત અથવા ખોટા નિવેદનો કરેલ હોય ,

(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય ,

(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય ,

(૮) ઉત્તરવહી માં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય,

(૯) પરીક્ષા ખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી , જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી , પુસ્તક , ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચિત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની ગેરરીતીઓ પૈકી કોઇપણ ગેરરીતી આચરવા માટે,

(૧૦) આયોગ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી , કોઇપણ પ્રકારની શારીરિક ઇજા પહોચાડવી , અથવા

(૧૧) ઉપરોકત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા તેણે પ્રયત્ન કર્યો હોય કે સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપો આપ ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(ક) આયોગ દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને /અથવા

(ખ) તેને આયોગ લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે

(૧) આયોગ દ્વારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે , અને

(૨) રાજય સરકાર હેઠળની કોઇપણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને

(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.

(૧૨) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર દ્વારા ઉમેદવારને /કર્મચારીને

(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,

(૨) લેખીતમાં શિક્ષા અંગે બચાવનામું- હકીકત રજુ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવશે.

૧૫. **નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે.(આ યાદી માત્ર દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી)**

(૧) આયોગના ઓનલાઈન મુસદ્દા મુજબ અરજી કરેલ ન હોય

(૨) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અવાચ્ય હોય.

(૩) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૪) અરજી ફેક્સથી અથવા ઈ-મેઇલ થી મોકલાવેલ હોય.

(૫) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો ફોટો અપલોડ કરેલ ન હોય.

(૬) અરજી સાથે પૂરેપૂરી ફી ભરેલ ન હોય.

(૭) અનુસૂચિત જનજાતિના ઉમેદવારે અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૮) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય.

(૯) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૧૦) જન્મ તારીખ માટે એસ.એસ.સી. પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય

(૧૧). ઉમેદવારે અરજીપત્રકમાં અનુભવ દર્શાવેલ હોય (જેના આધારે પાત્રતા નક્કી કરવાની થતી હોય) પરંતુ તેના સમર્થનમાં પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય અથવા તો રજુ કરેલ પ્રમાણપત્રમાં તેઓનો અનુભવનો સમયગાળો,મુળ પગાર, કુલ પગાર અને અનુભવનો પ્રકાર દર્શાવેલ ન હોય તથા સંસ્થાના લેટરપેડ ઉપર ન હોય .

(૧૨) **ખાસ નોંધ : ઉમેદવારોએ અરજીપત્રક તથા તેના બિડાણો જ્યારે આયોગ દ્વારા મંગાવવામાં આવે ત્યારે જ મોકલવાના રહેશે.**

*** * * * * ***

**EX - BRANCH**

# GUJARAT PUBLIC SERVICE COMMISSION

Special Drive (5th attempt) : Advt. No 122 /16-17: Online Applications are invited from the S.T. Candidates for the 02 (two) posts of Private Secretaries (English Stenographers, Grade-I) Class-II in the State Secretariat Service between Date :15-03-2017 (13-00 Hours) to 31-03-2017 (13-00 Hours)

**Note** : (i) These posts are reserved for S.T. candidates of Gujarat origin only. (ii) There is no Reservation for the physically Disabled candidates but only OL(One Leg) , BL(Both Legs) & 40% or more & less than 75% CP(Cerebral Palsy) candidates can apply for these posts.

**E.Q. :** A candidate shall (i) Possess a degree obtained from any of the Universities or institutions established or incorporated by or under the Central or a State act in India; or any other educational institution recognised by such or declared as deemed University under section 3 of the University Grants Commission act, 1956; or possess an equivalent qualification recognized by the Government. (ii) have passed the test in English Shorthand @ 120 w.p.m.as prescribed in the Private Secretaries (English and Gujarati Stenographer, Grade-I) class-II (in the Secretariat and other offices) Recruitment (Examination) Rules, 2010; held by the Gujarat Public Service Commission (iii) possess the basic Knowledge of computer application, at the time of appointment, as prescribed by the Government; and (iv) possess adequate knowledge of Gujarati and/or Hindi.

**Pay Scale** : : Rs. 9300-34800 + Rs. 4600 Grade-pay + other allowances. (In Sixth Pay Commission) and respective Pay Scale in 7th Pay Commission.

**Age** : A candidate shall not be less than 21 years of age and Not be more than 40 years of age. Age will be calculated as on the last date of receive application.

Upper age limit shall be relaxed as under :

| | | |
|---|---|---|
| 1 | S. T.<br>Only Male candidates of Gujarat origin. | 05 years |
| 2 | S. T.<br>Women Candidates of Reserved Category | 10 years (including 05 years relaxation as Woman, Maximum up to 45 years.) |
| 3 | Ex-servicemen / Officers | the upper age limit shall be relaxed by the length of Military Service plus three years.(Maximum up to 45 years) |
| 4 | Government Servant | No relaxation in upper age will be available to Government servant. |
| 5 | Physically disabled candidates who are considered eligible for this post. | Maximum up to 10 (ten) years subject to his / her ability to discharge duties attached to the posts, as may be performed by any other normal persons, on the basis of production of medical certificate prescribed by GAD circular dated 01-12-2008 from the Medical Board. (Maximum up to 45 years) |

The details of advertisement can be seen on web site www.gpsc.gujarat.gov.in

Date : / /2017

( K.D.SUTHAR )
Additional Secretary,
Gujarat Public Service Commission